## સંક્ષિપ્ત સમાચાર

### સોનગઢ મોટા બંદરપાડા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં વૃદ્ધનું મોત

સોનગઢ: સોનગઢના મોટા બંધારપાડા ગામ નજીક હાટ બજાર સામેના માર્ગ પર હિટ એન્ડ રનની ગંભીર ઘટના બની હતી. સોમવારના અઠવાડિક બજારમાં શાકભાજી લેવા જઈ રહેલા ૬૦ વર્ષીય ખેડૂત રામાભાઇ જગાભાઇ ગામીત પોતાની બાઇક પર પોતાની ૧૩ વર્ષીય પૌત્રી એલન સાથે જઈ રહ્યા હતા, ત્યારે શેરડી ભરેલી મહિન્દ્રા પિકઅપ ટેમ્પોએ પૂરઝડપે આવી ટક્કર મારી હતી. અકસ્માત બાદ ટેમ્પો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનામાં રામાભાઇને ગંભીર ઇજા પહોંચતાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતમાં પૌત્રી એલનને જમણા હાથની આંગળીમાં સામાન્ય ઇજા થઈ હતી. મૃતકના પુત્ર શૈલેશભાઇ ગામીત દ્વારા અજાણ્યા પિકઅપ ટેમ્પો નં.(GJ-15-Z-7333)ના ચાલક વિરુદ્ધ હિટ એન્ડ રનની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### ધી માંડવી હાઈસ્કૂલની ધોરણ-9B ટીમ ક્રિકેટમાં વિજેતા



હિતેશ પટેલ

માંડવી: ધી માંડવી હાઈસ્કૂલમાં તાજેતરમાં ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે આંતરવર્ગીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ ધોરણ-9A અને ધોરણ-9B ની ટીમો વચ્ચે રમાઈ હતી. જેમાં ધોરણ-9Aની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. નિર્ધારિત 8 ઓવરમાં ટીમે સંયમિત રમત પ્રદર્શિત કરતા કુલ 95 રન બનાવ્યા હતા. 96 રનના વિજય લક્ષ્યાંકનો પીછો કરવા ઊતરેલી ધોરણ-9B ની ટીમે 7.4 ઓવરમાં જ લક્ષ્યાંક હાંસલ કરી વિજય મેળવ્યો હતો.

### અંત્રોલી બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાંથી કેબલ ચોરી કરનાર ઝડપાયો

પલસાણા: અંત્રોલી ગામે મામાદેવ મંદિર પાસે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટના મેન્ટેનેન્સ ડેપોના સામે આવેલી ખુલ્લી જગ્યામાં મુકાયેલા KEC કંપનીના 4CX-240 સ્ક્વેર એમ.એમ. ઇલેક્ટ્રિક કેબલ ડ્રમમાંથી કુલ 10 મીટર કેબલની ચોરી થઈ હતી. ચોરાયેલા કેબલની પ્રતિ મીટર કિંમત રૂપિયા 5,545 મુજબ કુલ કિંમત રૂપિયા 55,450 થાય છે. આ બાબતે KEC કંપનીના સ્ટોર કીપર રામબાબુ ગુરૂમુર્તી મીત્તાનાએ કડોદરા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે કડોદરા પોલીસમથકના પોલીસ સબ-ઇન્સ્પેક્ટર રામાણી પોતાની ટીમ સાથે સક્રિય બન્યા હતા. હ્યુમન ઇન્ટેલિજન્સ તથા ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસને બાતમી મળી હતી કે સાનુ સિંગ નામનો એક શખ્સ ચોરી કરેલો કેબલ (સ્ક્રેપ) લઈને નિયોલથી વાકાનેડા તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે કડોદરા પોલીસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ વાહન આવતા જ તેને અટકાવી તપાસ કરતા તેમાંમાંથી ચોરી થયેલો કેબલ મળી આવ્યો હતો. પોલીસે આરોપી સાનુ સિંગને અટકાયત કરી પૂછપરછ કરતાં તેણે 10 મીટર કેબલની ચોરી કર્યાની કબૂલાત કરી હતી.

### મુળદ પાટિયા નજીક શેરડી ભરેલી ટ્રક પલટી



કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના કીમ નજીક આવેલા મુળદ પાટિયા પાસે નેશનલ હાઈવે-૬૫ પર આજે બપોરે અકસ્માતની ઘટના બની હતી. કીમથી ઓલપાડ તરફ જતાં માર્ગ પર શેરડી ભરેલી એક ટ્રક પલટી ખાઈ જતાં રોડ પર અફરાતફરી મચી ગઈ હતી.

### કડોદરામાં બે અલગ-અલગ એટીએમ તોડવાના પ્રયાસનો પર્દાફાશ

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા 'ઇન્ડિયા વન' (India1) કંપનીના બે પ્રાઇવેટ એટીએમને નિશાન બનાવી ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર ત્રણ શખ્સને પોલીસે ઝડપી પાડ્યા હતા. કડોદરાના કૃષ્ણનગર વિસ્તારમાં ગત તા.24 જાન્યુઆરી અને 2 ફેબ્રુઆરીના રોજ વરેલી ખાતે અજાણ્યા તત્ત્વો દ્વારા એટીએમ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તો વરેલી એટીએમ કેસમાં વરેલીમાં રહેતા રામજી ઉર્ફે વીરેન્દ્ર વર્મા (મૂળ ઉત્તર પ્રદેશ)ની સંડોવણી બહાર આવતાં તેની ધરપકડ કરવામાં આવી છે. કૃષ્ણનગર એટીએમ કેસમાં તપાસ દરમિયાન રાજસ્થાનના ભંવરલાલ સ્વામી અને ચિરાગ ઉર્ફે કાળુ પપ્પુરામ ભાર્ગવનાં નામ ખૂલ્યાં હતાં. બંને આરોપીને પોલીસે દબોચી લીધાં છે. પોલીસે આરોપીઓને સાથે રાખી ઘટના સ્થળે રિકન્સ્ટ્રક્શન પણ કર્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી ભંવરલાલ સ્વામી અગાઉ બાઈક ચોરીના ગુનાઓમાં પણ સંડોવાયેલો છે.

### કુકરમુંડા તાલુકામાં ૧૫ કામનાં ખાતમુહૂર્ત

કુકરમુંડા: તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ જાલમસિંહ વસાવા તેમજ અન્ય જિલ્લા પંચાયત સભ્યોની ઉપસ્થિતિમાં ગતરોજ કુકરમુંડા તાલુકામાં વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા. જે અંતર્ગત બાલંબા, તોરંદા, ચીરમટી, આષ્ટા, સદગવાણ અને પીશાવર વગેરે ગામો ખાતે નવા ગ્રામપંચાયત ભવનના બાંધકામના કામો માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથે સાથે બહુરૂપા-૨ તથા સદગવાણ-૧ ખાતે આંગણવાડી કેન્દ્રોના નવા બાંધકામના કામોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# પશુપાલકોનો વટ: ઢોર છોડાવી ગયા!

**બારડોલીમાં** રખડતાં ઢોર પકડતી ટીમ સાથે પશુપાલકોની દાદાગીરી

**નગરપાલિકાની** લાચારી સામે જનતામાં રોષ



બારડોલી: શહેરમાં રખડતાં ઢોરનો ત્રાસ ડામવા નીકળેલી નગરપાલિકાની 'ઢોર પાર્ટી' પર પશુપાલકોએ ખુલ્લેઆમ દાદાગીરી કરી પકડાયેલા ઢોર છોડાવી જવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર મામલાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પાલિકાના શાસકો અને ઉચ્ચ અધિકારીઓની નબળી કામગીરીની ઉગ્ર ટીકા થઈ રહી છે.

મંગળવારના રોજ બારડોલી નગરપાલિકાની ટીમ શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતાં ઢોર પકડવાની કામગીરી કરી રહી હતી. હિદાયત નગરમાંથી કેટલીક ગાયો પકડ્યા બાદ, ટીમ જ્યારે હીરાચંદ નગર પાસે પહોંચી અને પકડાયેલી ગાયોને ટ્રેક્ટરમાં ભરી રહી હતી, ત્યારે કેટલાક પશુપાલકો ત્યાં ધસી આવ્યા હતા.પાલિકાના કર્મચારીઓએ 'સાહેબ સાથે વાત કર્યા બાદ જ ઢોર છોડાશે' તેમ કહેવા છતાં, પશુપાલકોએ ઉશ્કેરાઈને દાદાગીરી શરૂ કરી હતી. તેઓ જબરજસ્તી ટ્રેક્ટર પર ચઢી ગયા હતા અને પકડાયેલી ગાયો પૈકી એક ગાયને બળજબરીપૂર્વક છોડાવી ગયા હતા.

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પાલિકાની બેધારી નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે ચીફ ઓફિસર અને શાસકો માત્ર નાના લારી-ગલ્લાવાળાઓ સામે જ શક્તિ પ્રદર્શન કરે છે, પરંતુ પશુપાલકો સામે તેઓ 'હથિયાર હેઠા' મૂકી દે છે. સરકારી કામમાં અડચણ ઊભી કરવા બદલ પોલીસ ફરિયાદ થઈ શકે તેમ હોવા છતાં, મોડી સાંજ સુધી પાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયાં નહોતાં.

બારડોલી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ જગદીશભાઇ પાટીલે જણાવ્યું હતું કે, આ બીજી વખત આવું કર્યું છે. અમે નગરપાલિકાના ચીફ ઓફિસરને સૂચના આપી દીધી છે કે તેમના વિરુદ્ધ જે કોઈ કાયદાકીય કાર્યવાહી થતી હોય તે કરવી. જેથી બીજી વખત આવું ન થાય. તો આ સમગ્ર મામલે બારડોલી ચીફ ઓફિસર મિલન પલસાણાનો સંપર્ક કરતાં તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

### ભરવાડ વસાહતની સ્થિતિ પણ દયનીય

ગંદકી અને અતિક્રમણનો ગંભીર પ્રશ્ન એમ.એન. પાર્ક પાસે આવેલી ભરવાડ વસાહતની સ્થિતિ પણ દયનીય છે. પાલિકાએ ઉકરડા માટે બે દીવાલો બનાવી આપી હોવા છતાં, પશુપાલકો જાહેરમાં રોડ પર ગંદકી કરે છે. આ વિસ્તારની બાજુમાં જ ભાજપનું કાર્યાલય આવેલું છે. નેતાઓ અને સંગઠનના હોદ્દેદારોની સતત અવરજવર હોવા છતાં, આ ગંદકી અને મચ્છરોના ત્રાસ સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

## સાયણમાં JCB ચાલક ઉપર હુમલો કરનારનું સરઘસ કઢાયું

**'તમે અહીં** ખોદકામ કેમ કરો છો? અહીંથી ચાલ્યા જાવ' કહી ધમકી આપી મારામારી કરી હતી



જયેશ પટેલ

સાયણ: સાયણ ગ્રામ પંચાયતની હદમાં કોન્ટ્રાક્ટ મારફતે જે.સી.બી. મશીનથી ખોદકામ કરતા માલિક અને ડ્રાઇવર સાથે આદર્શનગર સોસાયટી-૩ના બે શખ્સે કામ કરતા અટકાવી ડ્રાઇવરને બે લાફા ઠોકી બબાલ મચાવી જાનથી મારી નાંખવાની ધમકી આપવાના ગુનામાં પોલીસે બંને આરોપીઓને દબોચી લીધા છે. જો કે, પોલીસે આવા લુખ્ખા અસામાજિક તત્ત્વોને પાઠ ભણાવવા મંગળવારે સાંજે મુખ્ય આરોપી પાસે જાહેરમાં માફી મંગાવી બંને હાથમાં દોરડું બાંધી સાયણ વિસ્તારમાં સરઘસ કાઢી ફેરવતા આવાં તત્ત્વોમાં ફફડાટનો માહોલ ફેલાયો છે.

મુળ અમદાવાદના ધોલેરા તાલુકાનો વતની લાલજી સિંધાભાઇ ભોકળવા (ઉં.વ.૩૬) છેલ્લાં ૨૦ વર્ષથી ઓલપાડના કુડસદ ગામે વિશ્વકર્માનગર સોસાયટીનાં મ.નં.૧૦૦૪માં રહી જે.સી.બી. મશીનથી ખોદકામના કોન્ટ્રાક્ટનું કામ કરે છે. તેનો હાલમાં સાયણ સુગર રોડ આદર્શનગર-૩ નજીક બની રહેલી નવી ગટરલાઈન ઉપર ગત તા.૮ના રોજ તેનું એક જે.સી.બી. મશીન ખોદકામ કરી રહ્યું હોવાથી લાલજી ત્યાં સ્થળ ઉપર આંટો મારવા ગયો હતો. આ જે.સી.બી.નો ડ્રાઇવર સોકીન સાંજે ખોદકામ કરી રહ્યો હતો, ત્યારે દીપક ઉદય પ્રતાપ બિંદે અને તેનો સિદ્ધુ નામનો મિત્ર ત્યાં આવ્યો હતો અને ડ્રાઇવરને ખોદકામ કરતા અટકાવી ગાળો બોલી લડાઈ-ઝઘડો શરૂ કર્યો હતો. જેથી સોકીનને દીપકે બે તમાચા ઠોકી દીધા હતા અને મિત્ર સિદ્ધુ સાથે મળી માર મારવાનું શરૂ કર્યું હતું. આથી જેસીબી માલિક લાલજી તેના ડ્રાઇવરને છોડાવવા વચ્ચે પડ્યો હતો. એ સમયે આ બંને શખ્સોએ ધમકી આપી કહ્યું કે, તમે અહીં ખોદકામ કેમ કરો છો? અહીંથી ચાલ્યા જાવ, નહીંતર જાનથી મારી નાંખીશું. આથી જેસીબીનો માલિક અને ડ્રાઇવર ભાગી છૂટ્યા હતા.

આ બબાલ મામલે જે.સી.બી. માલિક લાલજી ભોકળવાએ બંને શખ્સો વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે બંને આરોપીને દબોચી લીધા હતા.

ઓલપાડ પીએસઆઇ ડી.બી. દેસાઈએ મુખ્ય આરોપીને બનાવ સ્થળે લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું અને તેના બંને હાથમાં દોરડું બાંધી ત્યાંથી આરોપીનું સરઘસ કાઢ્યું હતું અને તેની પાસે બીજી વખત ભૂલ ન થાય એ માટે બજારમાં ફેરવી જાહેરમાં માફી મંગાવી હતી.

## સીયાલજ નજીક રૂ.૧ કરોડનો દારૂ ઝડપાયો, 'શેઠજી' વોન્ટેડ

**પોલીસે** દારૂની ૬૭,૭૨૦ બોટલ સાથે રાજસ્થાનના ટ્રક ચાલકની ધરપકડ કરી



ઈબ્રાહીમ કાનુ, ઈલ્યાસ શેખ

હથોડા, પલસાણા: ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલા સીયાલજ ગામની હદમાં એક ટ્રકમાંથી પોલીસે વિદેશી દારૂના જથ્થા સહિત કુલ રૂ.૧,૨૦,૧૯,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલકને ઝડપી પાડ્યો છે.

એક બંધ બોડીની ટ્રકમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી સીયાલજ ગામની હદમાં ને.હા. ૪૮ પર આવેલ તુલસી હોટલના પાર્કિંગમાં પાર્ક કરેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે

તપાસ કરતા ટ્રક નંબર RJ-14-GR-3512 મળી આવી હતી, જેનું સીલ ડ્રાઈવરની હાજરીમાં ખોલતા તેમાંથી વિદેશી દારૂનો માતબર જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૧,૦૦,૦૮,૦૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૬૭,૭૨૦ નંગ બાટલીઓ, ૨૦,૦૦,૦૦૦ની કિંમતની ટ્રક, બે મોબાઈલ ફોન, રોકડ રકમ અને અન્ય દસ્તાવેજો મળી કુલ ૧,૨૦,૧૯,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં પોલીસે ટ્રક ચાલક અરવિંદકુમાર પ્રેમારામ બિશ્નોઈ (ઉ.વ. ૨૮, રહે. બાડમેર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન દારૂનો જથ્થો ભરવા મોકલનાર રમેશ જાટ અને ગોવાથી ટ્રક મોકલનાર 'શેઠજી' નામના શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પકડાયેલ આરોપી અને મુદ્દામાલને આગળની કાર્યવાહી માટે કોસંબા પોલીસ સ્ટેશનમાં સુપરત કરવામાં આવ્યા છે.

## ધરમપુરનો યુવક ડોલવણની તરુણીને લઈ રફુચક્કર થયો

વ્યારા: ડોલવણના એક ગામમાં રહેતી તરુણીને સોશિયલ મીડિયા પર ઈન્સ્ટાગ્રામના માધ્યમથી વલસાડના ધરમપુર તાલુકાના એક ગામમાં રહેતા એક યુવકના સંપર્કમાં પ્રેમસંબંધ બંધાતાં યુવક તરુણીને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હોવાનું સામે આવ્યું છે.

ધરમપુરના એક ગામના યુવકે ગત તા.6-2-2026ના રોજ તરુણીને ડોલવણ ચાર રસ્તા પાસે મળવા બોલાવી હતી. જ્યાં તરુણી યુવકને મળવા આવતાં યુવકે તરુણીને લગ્ન કરવાની લાલચ આપી તરુણીના માતાપિતાની જાણ બહાર તરુણીને ભગાડી ગયો હતો. તરુણીના વાલીને દ્વારા ભારે શોધખોળ બાદ ધરમપુરના એક ગામનો કોઈ અજાણ્યો યુવક ભગાવી ગયો હોવાની જાણવા મળતાં તરુણીના વાલીએ ડોલવણ પોલીસ મથકે મથકે ધરમપુરના યુવક સામે ફરીયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે યુવક વિરુદ્ધ પોક્સો એક્ટ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉમરાખ કોલેજ પાસે ટેમ્પોની ટક્કરે બાઈક ચાલક યુવાનનું મોત

બારડોલી: બાબેનમાં ઉમરાખ કોલેજની સામે મોતાથી બારડોલી જતા રોડ પર પૂરઝડપે આવતા એક ટેમ્પો ચાલકે મોપેડને ટક્કર મારતા ૨૪ વર્ષીય યુવાનનું કરુણ મોત નીપજ્યું છે. મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના અક્કલકુવા ગામના કેવડી ગામના અને હાલ બાબેન ગામે બારડોલી સુગર કોલોની પતરાની ચાલમાં રહેતા નિતેશ આરસી વસાવે અને તેના મામાનો દીકરો અનિશ બોદીયા તડવી (ઉં.વ. ૨૪) મોપેડ (GJ-16-EC-4589) પર સવાર થઈને મોતા ગામથી પરત ફરી રહ્યા હતા. ત્યારે 'છોટા હાથી' ટેમ્પો (GJ-19-Y-8169) ના ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાના કારણે મોપેડ ચાલક અનિસનું મોત થયું હતું.


Milano MULTIPLEX
બારડોલી
Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm
Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm
Border 2
01:00pm, 05:30pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**મહે.કઠોરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા,મુ.કઠોર,તા.કામરેજ,જી.સુરત.**
દિવાની પરચુરણ (વારસા)અરજી નંબર - ૨/૨૦૨૬, અરજદારના વિ.વ.શ્રી.વી.સી.બોડાણા
આંક - ૦૫

અરજદાર: - ધર્મિષ્ઠાબેન પ્રકાશસિંહ સોલંકી, રહેવાસી-ઈ-૬ નવસર્જન સોસાયટી નવાગામ,તા-કામરેજ જિ-સુરત
વિરુદ્ધ
સામાવાળા - કોઇ નથી.

જાહેર નોટીસ
આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોકત વારસા અરજીના અજરદાર તરફથી મર્હુમ પ્રકાશસિંહ રમણસિંહ સોલંકી કે જેઓએ નીચે શીડ્યુલમાં દર્શાવેલ બેંક એકાઉન્ટ ધરાવતા હતા જે અંગેનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાખલ કરેલી છે.
શીડ્યુલ

| ક્રમ | બેંકનુ નામ | સેવિંગ એકાઉન્ટ નંબર | રકમ |
|---|---|---|---|
| 1 | બેંક ઓફ બરોડા નવાગામ શાખા | ૦૭૪૩૦૧૦૦૦૦૮૨૫૬ | ૬,૪૬,૭૨૭.૫૫/- |

સદર વારસા અરજીની સુનાવણી તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. તો સદર અરજીની સામે જે કોઇ ઇસમને વાંધા-વિરોધ, લાગભાગ, હકક હીત, હીસ્સો કે દરદાવો કે તકરાર હોય તો તેમણે જાતે અગર તેમના વકીલ શ્રી મારફતે અત્રેની કોર્ટમાં વાંધા સહીત અચુક હાજર રહેવુ. જોઇ કોઇ વ્યકતિ તરફથી વાંધા તકરાર ઉઠાવવામાં નહી આવે તો કોઇ વ્યકિતને વાંધો નથી તેમ માનીને અરજદારને માંગ્યા મુજબનુ વારસા સર્ટીફીકેટ/લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન કાયદા અન્વયે આપવામાં આવશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૦૯મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ મારી સહી તથા સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (આર.એ પરમાર) આસિસ્ટન્ટ, સિવિલ કોર્ટ, કઠોર
મુકાબલ કરનાર (કે.એ.વઘાસીયા) બેંચ કલાર્ક, સિવિલ કોર્ટ, કઠોર
કોર્ટનો સિક્કો
હુકમથી (ડી.કે.શાહ) રજીસ્ટ્રાર, સિવિલ કોર્ટ, કઠોર



**જાહેર નોટીસ - એમ.બી.ભોઇ, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ વ્યારાની કોર્ટમાં**
કેસ નં. ૨૯૬/૨૦૨૫
અરજદાર:- રાજેન્દ્રભાઈ ગંજીભાઈ ચૌધરી, રહે. ઝાપી ફળીયુ, કેળકુઈ, તા. વ્યારા જિ.તાપી
વિરૂધ્ધ
સામાવાળા:- રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને તલાટી કમ મંત્રીશ્રી, કેળકુઈ તા.વ્યારા
જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ
આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત નંબરના કેસમાં ગંજીભાઇ બંસીભાઇ ચૌધરીનું મરણ તા.૧૭/૦૧/૧૯૮૯ના રોજ મોજે.કેળકુઇ તા.વ્યારા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.
પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી તલાટી કમ મંત્રીશ્રી, કેળકુઇના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, કેળકુઇને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઇને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા સંબંધિત ગ્રામપંચાયત કચેરી/નગરપાલિકા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.
આજ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
sd/- (એમ.બી.ભોઈ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વ્યારા જિ.તાપી



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૨૨/૨૦૨૬
તા.૧૩/૦૧/૨૦૨૬
વાદી :- વાળગીબેન વીરીયાભાઇ ચૌધરી, રહે.લુહારવડ, કાંટણ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી લુહારવડ ગૃપ ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વાળગીબેન વીરીયાભાઈ ચૌધરી, રહે.લુહારવડ, કાંટણ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના માતા ચંગનીબેન વીરીયાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ચંગનીબેન વીરીયાભાઇવ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૩/૦૧/૧૯૭૧ ૩. મરણનું સ્થળ: મોજે.લુહારવડ (સોલી), તા.માંડવી, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ચંગનીબેન વીરીયાભાઈવ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જીઆરપી લિમિટેડ**
(CIN : L25191GJ1974PLC002555)
રજિસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. 8, જીઆઇડીસી એસ્ટેટ, અંકલેશ્વર - 393 002 જિલ્લો. ભરૂચ, ગુજરાત
ટેલિફોન નં.: 022 67082600/2500, ઈ-મેઇલ આઈડી: investor.relations@grpweb.com, વેબસાઇટ: www.grpweb.com
31 ડિસેમ્બર, 2025ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ નાણાકીય પરિણામોનો સારાંશ
(રૂ. લાખમાં)

| ક્રમાંક | વિગતો | સ્ટેન્ડઅલોન: ક્વાર્ટર એન્ડેડ 31-12-2025 અનઓડિટેડ | સ્ટેન્ડઅલોન: ક્વાર્ટર એન્ડેડ 31-12-2024 અનઓડિટેડ | સ્ટેન્ડઅલોન: નાઇન મન્થ્સ એન્ડેડ 31-12-2025 અનઓડિટેડ | કન્સોલિડેટેડ: ક્વાર્ટર એન્ડેડ 31-12-2025 અનઓડિટેડ | કન્સોલિડેટેડ: ક્વાર્ટર એન્ડેડ 31-12-2024 અનઓડિટેડ | કન્સોલિડેટેડ: નાઇન મન્થ્સ એન્ડેડ 31-12-2025 અનઓડિટેડ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી) | 13,331.18 | 12,868.00 | 38,313.05 | 13,470.85 | 13,226.20 | 39,081.16 |
| 2 | (કર પહેલાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ) સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) | 396.46 | 761.60 | 1,341.22 | 247.66 | 604.27 | 901.19 |
| 3 | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (પછીના અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ) | 256.05 | 761.60 | 1,200.81 | 107.25 | 604.27 | 760.78 |
| 4 | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 235.96 | 582.04 | 900.48 | 85.27 | 438.35 | 455.96 |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટે નફો/ (નુકસાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) નો સમાવેશ થાય છે] | 186.65 | 592.75 | 137.05 | 35.96 | 449.06 | (307.47) |
| 6 | ઇક્વિટી શેર મૂડી | 533.33 | 533.33 | 533.33 | 533.33 | 533.33 | 533.33 |
| 7 | અન્ય ઇક્વિટી (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) પાછલા વર્ષના ઓડિટેડ બેલેન્સ શીટમાં દર્શાવ્યા મુજબ | - | - | - | - | - | - |
| 8 | પ્રતિ શેર કમાણી (૧૦/- દરેક) (ચાલુ અને બંધ કામગીરી માટે) (*વાર્ષિક નથી) | | | | | | |
| | 1. બેઝિક: (રૂ.માં) | 4.42 * | 10.91 * | 16.88 * | 1.60 * | 8.22 * | 8.55 * |
| | 2. ડાયલુટેડ (રૂ.માં) | 4.42 * | 10.91 * | 16.88 * | 1.60 * | 8.22 * | 8.55 * |

નોંધ:
1 ઉપરોક્ત આ SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરાયેલા ત્રિમાસિક/નવ મહિનાના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે. ચર એન્ડેડ નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જ વેબસાઇટ્સ (www.nseindia.com & www.bseindia.com) અને કંપનીની વેબસાઇટ (www.grpweb.com) પર ઉપલબ્ધ છે.
2 ઉપરોક્ત પરિણામોની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને 10 ફેબ્રુઆરી, 2026ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ડિરેક્ટર બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.
3 પાછલા સમયગાળાના આંકડાઓ જ્યાં જરૂરી હોય ત્યાં ફરીથી જૂથબદ્ધ/પુનઃવર્ગીકરણ કરવામાં આવ્યા છે, જેથી તેમને તુલનાત્મક બનાવી શકાય.

સ્થળ: મુંબઈ
તારીખ: 10 ફેબ્રુઆરી, 2026

જીઆરપી લિમિટેડ માટે
હર્ષ આર. ગાંધી
મેનેજિંગ ડિરેક્ટર
દિન: 00133091